ગાંધીનગર સમાચાર



# આજે લાભ પાંચમ, વેપારીઓ પોતાના ધંધા રોજગારની શુભ શરૂઆત કરશે

**આજથી વેપારધંધાનુ મુહુર્ત થતા બજારમાં પાછો ધમધમાટ જોવા મળશે : કેટલાક વેપારીઓ સાતમના દિવસે મુહુર્ત કરશે**

ગાંધીનગર તા ૪

દિવાળીના તહેવારથી બજારો બંધ રહેતા શહેરમાં ખાલીપો જોવા મળી રહયો છે. નવા કાર્યોની શરૂઆત બંધ રાખતા હાલ બજારમાં ત્રણ ચાર દિવસથી સન્નાટો જોવા મળી રહયો છે. જેના લીધે સેકટરોના શોપિંગ સેન્ટરોમાં પણ સુનકાર જોવા મળે છે. પરંતુ વેપારીઓ




માટે લાભ પાંચમનો દિવસ શ્રેષ્ઠ માનવામાં આવે છે. વેપારીઓ પણ પાંચમની રાહે છે. આજે લાભ પાંચમના શુભ દિવસે વેપારીઓ પોતાના કામ ધંધાનુ મુહુર્ત કરશે. ભારતીય સંસ્કૃતિમાં વ્રત ચોઘડીયા તેમજ સારા મુહુર્તનુ વિશેષ મહત્વ છે. લાભ પાંચમના દિવસે વેપારીઓ શુભ ચોઘડીયામાં પોતાના વેપાર ધંધાની શરૂઆત કરી આખુ વર્ષ ધંધો સારો રહે તેવા ભાવ સાથે ધંધાની શરૂઆત કરે છે. શહેરમાં પણ છેલ્લા એક અઠવાડીયાથી બજારો બંધ છે. મોટાભાગના વેપારીઓ દિવાળીની દોડધામ બાદ હવે પાંચમના દિવસે સારા મુહુર્તમાં વેપારના શ્રીગણેશ કરશે. જયારે કેટલાક વેપારીઓ સાતમના દિવસે પણ મુહુર્ત કરવાના મુડમાં છે. જો કે આજથી સેકટરોના શોપિંગ સેન્ટરોમાં ધીમે ધીમે ધમધમાટ શરૂ થઈ જશે.

દિવાળીના મહાપર્વમાં બજારમાં ઘરાકીના ધમધમાટ બાદ વેપારીઓ પણ પાંચમ સુધી કામ ધંધો માટે પાંચમનો દિવસ શ્રેષ્ઠ હોય છે. આ દિવસ નવા કામની શરૂઆત માટે પણ સારો માનવામાં આવે છે. ત્યારે નવા વર્ષમાં વેપાર ધંધાની શરૂઆત કરવા માટે વેપારીઓ લાભ પાંચમના દિવસે મુહુર્ત કરતા હોય છે. સારા મુહુર્તમાં ધંધાની શરૂઆત કરવાથી આખુ વર્ષ સારુ જાય છે. જેના લીધે વેપારીઓ પણ યોગ્ય મુહુર્તમાં જ ધંધા રોજગારની શરૂઆત કરે છે. શહેરમાં છેલ્લા ચાર દિવસથી બજારમાં ખાલીપો જોવા મળે છે. ત્યારે આજે પાંચમના દિવસથી બજારમાં પાછો ધમધમાટ જોવા મળશે. જયોતિષવિદોના મતે માતા પિતાને પગે લાગી તેમજ તેમના હસ્તે પણ વેપાર ધંધાનુ મુહુર્ત કરવાનુ વધુ શુભ છે. જો કે કેટલાક વેપારીઓ સાતમના દિવસે જ મુહુર્ત કરતા હોવાનુ પણ ધ્યાને આવ્યુ છે. અલબત્ત નવા વિચારોની સાથે નવા કાર્યોની શરૂઆત કરવાના શુભ અભિગમ સાથે વેપારીઓ પોતાના વેપાર ધંધાને નવો વેગ આપશે.

**આજના દિવસના શુભ મુહુર્તો**

સવારે - ૭ : ૪૪ થી ૮ : ૪૦

સવારે - ૧૦ :૩૧ થી ૧૩ :૧૮

બપોરે - ૧૪ :૧૪ થી ૧૫ :૧૦

# આવતીકાલે અલ્પેશ ઠાકોરનું ઉપવાસ આંદોલન

**દારૂના અડ્ડાઓ પકડાય ત્યાંના ડીએસપી અને ધારાસભ્ય સામે પગલા લો : અલ્પેશ ઠાકોર : સરકાર માંગણી નહીં સ્વીકારે ત્યાં સુધી ગાંધીનગરમાં ઉપવાસ ચાલુ રાખવાની અલ્પેશની તૈયારી : લાખો કાર્યકરો આંદોલનમાં જોડાય તેવી શક્યતા : ચાર જિલ્લાની પોલીસ બંદોબસ્તમાં ખડકી દેવાશે**





ગાંધીનગર, તા. ૪

ગુજરાતમાં દારૂબંધી અને યુવાનોને રોજગારી અપાવવાના બે મુખ્ય મુદ્દાઓને લઈને અલ્પેશ ઠાકોર છઠ્ઠી ઓક્ટોબરે ગાંધીનગરની સત્યાગ્રહ છાવણી ખાતે લાખો કાર્યકરોને સાથે રાખીને ઉપવાસ આંદોલન પર બેસવાનો છે. ખાખી અને ખાદી ભેગા થઈને ગુજરાતમાં દારૂના અડ્ડાઓ ચલાવે છે એટલે જે વિસ્તારમાંથી દારૂના અડ્ડાઓ પકડાય ત્યાંના ડીએસપી અને ધારાસભ્ય સામે કડક પગલા લો... તેવી માંગ અલ્પેશ ઠાકોરે કરીને ગુજરાતને પંજાબ બનતા અટકાવવા પ્રયત્ન શરૂ કર્યો છે. આ દિવસે કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ જળવાઈ રહે તે માટે ચાર જિલ્લાની પોલીસને પાટનગરમાં આંદોલન સ્થળે ખડકી દેવામાં આવશે.

ક્ષત્રિય ઠાકોર સેના ઉભી કરીને ગુજરાત રાજયની હાસ્યસ્પદ દારૂબંધીનું હવેથી કડકપણે પાલન થાય અને દારૂના અડ્ડાઓ બંધ થાય તે માટે અલ્પેશ ઠાકોરે જનતા રેડ અને સભાઓ જેવા કાર્યક્રમો કરીને દારૂબંધી કડક કરાવવા પ્રયત્નો શરૂ કર્યા..! દારૂના અડ્ડા ચલાવતા બુટલેગરોને મળીને અન્ય વ્યવસાયમાં જોડાવવા આગ્રહ કર્યો..! આ પ્રકરણમાં જેટલુ અંદર ખુંપ્યા તેટલુ વધુ જાણવા મળ્યું..! રાજયમાં દારૂના અડ્ડાઓ તો ખાખી અને ખાદી જ ભેગા થઈને ચલાવે છે જેને પગલે હવે જે વિસ્તારમાંથી દારૂના અડ્ડાઓ પકડાય તે વિસ્તારના ડીએસપી અને ધારાસભ્ય સામે કાર્યવાહી કરવાની માંગ અલ્પેશ ઠાકોરે કરી છે. તે ઉપરાંત પંજાબ જે

● અનુસંધાન પાન-૭ પર

# ગાંધીનગર રાજયનું સૌથી ઠંડુ શહેર

**લઘુત્તમ તાપમાન ૧૫ ડિગ્રીએ પહોંચતા ઠંડક અનુભવાઈ : ગરમ વસ્ત્રો કબાટમાંથી કાઢવાની જરૂરીયાત ઉભી થઈ**

ગાંધીનગર, તા.૪

શિયાળાના પ્રથમ ચરણમાં જ ઠંડી અનુભવાઈ રહી છે. ગઈ કાલે રાત્રે શહેરમાં લઘુત્તમ તાપમાન ૧૫ ડિગ્રીએ પહોંચતા ગાંધીનગર રાજયનું સૌથી ઠંડુ શહેર બન્યું છે.

ધીમે ધીમે ઠંડી જમાવટ કરી રહી છે. આકરો તડકો હવે કુણો બની રહ્યો છે. છેલ્લા એક અઠવાડિયાથી તબક્કાવાર લઘુત્તમ તાપમાન ધીમે ધીમે ઘટતું જાય છે. હરીયાળા એવા પાટનગરમાં પ્રથમ ચરણમાં જ ઠંડી જમાવટ કરી રહી છે. સુર્યાસ્ત વહેલો થઈ જાય છે. સૂર્ય આથમતા જ ઠંડીનું જોર વધવા માંડે છે. દ્વિચક્રી વાહન પર નીકળતા વાહનચાલકોને ઠંડકનો અનુભવ વધુ થાય છે. આથી આ વાહનચાલકો પાતળું જેકેટ કે શાલ લપેટેલા નજરે ચઢે છે. ગઈકાલે સાંજથી જ ઠંડી વધુ અનુભવાતી હતી. એક જ દિવસમાં દોઢ ડિગ્રી જેટલું તાપમાન ઘટતા લઘુત્તમ તાપમાન ૧૫ ડિગ્રીએ પહોંચ્યું હતું.

ઠંડકના કારણે માર્ગો પરની અવરજવર ઘટી ગઈ હતી. ઠંડકના કારણે વસાહતીઓએ ઘરમાં જ રહેવાનું મુનાસીબ માન્યું હતું. ઉનાળા દરમિયાન ભરચક રહેતા શહેરના બગીચાઓ હવે સુમસામ બનવા માંડયા છે. એકલ દોકલ વાહનો જ હવે અહીં જોવા મળે છે.

ઠંડા પીણા અને આઈસ્ક્રીમની દુકાનો અને પાર્લરો પર પણ હવે ભીડ ઓછી થવા માંડી છે. ગરમ વસ્ત્રોની જરૂરીયાત હવે પડવા માંડી છે. પંખાની ગતિ હવે ધીમી થવા માંડી છે. વહેલી સવારે હવે ઓઢવાની જરૂરીયાત ઉભી થઈ છે. મહત્તમ તાપમાન જે ૩૨.૫ ડિસે. પહોંચતા દિવસે પણ આકરી ગરમી લાગતી નથી. આગામી દિવસોમાં હજુ વધુ ઠંડી પડશે તેવા અણસાર મળી રહ્યા છે.


**વડનગરા નાગર બેસણું / ઉઠમણું**



મારા પિતાશ્રી **દેવીપ્રસાદ કનૈયાલાલ માંકડ (બટુકભાઈ)** તા.૦૪-૧૧-૨૦૧૬ને શુક્રવારના રોજ દેવલોક પામેલ છે. **સદ્ગતનું ઉઠમણું તા.૦૬-૧૧-૧૬ને રવિવારના રોજ સવારે ૯.૩૦ થી ૧૧.૦૦ કલાકે** નીચેના સ્થળે રાખેલ છે.

સ્થળઃ- પ્રજાપતિ સમાજવાડી, વસંતકુંવરબા સ્કૂલની સામે, સેક્ટર-૨૮, ગાંધીનગર

લિ. ડો. ઉદય દેવીપ્રસાદ માંકડ
ડો. અર્ચના ઉદય માંકડ

**બેસણું**



**કનૈયાલાલ બેનરજી**નું દુઃખદ અવસાન તારીખ ૨/૧૧/૨૦૧૬ને બુધવારના રોજ થયેલ છે. **સદ્ગતનું બેસણું તા. ૬/૧૧/૨૦૧૬ને રવિવારના રોજ સવારે ૯-૦૦ થી ૧૨-૦૦ કલાકે** નીચેના સ્થળે રાખેલ છે.

સ્થળ : શ્રી સૌરાષ્ટ્ર લેઉવા પટેલ સેવા સમાજ, સેક્ટર-૭/સી, પોલીસ ચોકીની સામે, ગાંધીનગર

લી.

કુનાલ બેનરજી — કાર્તિક સરદાર
મુર્તિ બેનરજી — અમરેશ દત્તા
રિઝવાનખાન ખાન — સુભમ દત્તા
નિકુલ પટેલ — સુજીત દત્તા

ફર્મ : બેનરજીસ એન્ડ આલ્ફા રેસ્ટોરન્ટ, સેક્ટર-૧૭, ગાંધીનગર



**શ્રી જલારામ જયંતિ - ભાવસભર નિમંત્રણ**



*નવા વર્ષ આપનું જીવન પૂ. જલારામ બાપાની અસીમ કૃપાથી છલકાતું રહે એવી શુભકામનાઓ સાથે શ્રી જલારામ સેવા સમાજ, ગાંધીનગર આપ સૌ નગરજનોને પૂ. બાપાની ૨૧૭મી જન્મજયંતિની શાનદાર ઉજવણીમાં સહભાગી થવા નિમંત્રે છે.*

**શ્રી જલારામ જયંતિ**

**તા. ૦૭-૧૧-૨૦૧૬, સોમવાર**

**શુભ પ્રસંગો**

| | |
|---|---|
| ધૂન | : સવારે ૬.૩૦ થી સાંજે ૬.૩૦ |
| શોભાયાત્રા | : સવારે ૮.૦૦ કલાકે (જલારામ મંદિરથી ભોજલરામ મંદિર, સે.૭) |
| અન્નકૂટ દર્શન | : સાંજે ૪.૦૦ થી રાત્રે ૯.૦૦ |
| મહાઆરતી | : સાંજે ૬.૪૫ કલાકે |
| વીરપુર જઈ રહેલા પદયાત્રીઓનું અભિવાદન | : સાંજે ૭.૦૦ કલાકે |
| શુભ સ્થળ | : જલારામ મંદિર, સે.-૨૯, ફોન : ૨૩૨૨૩૬૧૪ |

વ્યાવસાયિક કામકાજને વિરામ આપી આ ઉજવણીમાં સહપરિવાર ઉમંગપૂર્વક જોડાવા ખાસ અપીલ છે.

નિમંત્રક : પ્રમુખશ્રી તથા કારોબારી સમિતિ, શ્રી જલારામ સેવા સમાજ, ગાંધીનગર


# ગાંધીનગર જિલ્લામાં રવિ સિઝનની વાવણી માટે ખેડૂતોમાં ભારે ઉત્સાહ

**ઠંડીના પ્રથમ રાઉન્ડમાં જ ૧૬ થી ૧૮ ડિગ્રી રાત્રિ તાપમાનથી ખેડૂતોમાં ઉત્સાહ : દહેગામ અને રખિયાલમાં મગફળીના ટેકાના ભાવો ખરીદીના કેન્દ્રો કાર્યરત કરાશે**

ગાંધીનગર, તા. ૪

ગાંધીનગર જિલ્લામાં ઠંડીની મોસમનો આરંભ થતાં જ ખેડૂતોએ રવિસિઝનની વાવણી માટેની તૈયારીઓ આરંભી દીધી છે. દેવ દિવાળીના દિવસે તુલસી વિવાહ બાદ તુરત જ રવિ સિઝનની વાવણીનો આરંભ થશે તેમ મનાઈ રહ્યુ છે.

જિલ્લામાં ખરીફ પાકની લણણીની કામગીરી સંપન્ન થવામાં છે. જો કે હજુ કેટલાક ખેતરોમાં કપાસનો પાક જોવા મળી રહ્યો છે. ઠંડીનો ધીમી ગતિએ પ્રારંભ થઈ ગયો છે અને હમણાં તાપમાનનો પારો જે ૨૦ ડિગ્રીથી નીચે જતાં ખેડૂતોમાં રવિ સિઝનની વાવણીનો ઉત્સાહ જોવા મળી રહ્યો છે.

રવિ સિઝનમાં પરંપરાગત પાકો ઉપરાંત કઠોળના પાકનું પણ વાવેતર આ વખતે ખેડૂતો કરવા આતુર હોવાનું જણાવતાં ખેડૂતોનું કહેવું છે કે ચણાના પાકનું વાવેતર આ વખતે નોંધાશે.

રવિ સિઝનમાં ઘઉં, બટેટા અને શાકભાજીના પાકો ઉપરાંત ચણાની ખેતી જોવા મળશે તેમ મનાઈ રહ્યુ છે.

દરમ્યાન મગફળીના ટેકાના ભાવે ખરીદી માટે રખિયાલ અને દહેગામમાં ખરીદી કેન્દ્ર ગુજકોટ દ્વારા શરૂ કરાયુ હોવાનું જાણવા મળેલ છે.

જિલ્લામાં રવિ સિઝન માટે ખેતરો તૈયાર કરવામાં ખેડૂતો વ્યસ્ત

● અનુસંધાન પાન-૭ પર


**અસરકારક સક્રિયતાથી ૯૫ વર્ષ સંપન્ન કરવા બદલ અઢળક અભિનંદનના અધિકારી**



**શ્રી હિરજીભાઈ એન. જોષી**

૯૭૨૪૪ ૯૩૩૪૪

૨, શાલિન, વાવોલ, ગાંધીનગર











**શ્રી ગાયત્રી વોચ કંપની ઉજવે છે... તેની ૩૫મી વર્ષગાંઠ**

નિમિત્તે કાંડા ઘડિયાળોની મહા એકસચેન્જ ઓફર

આપની કોઈપણ જુની કાંડા ઘડિયાળ લઈ આવો અને તેના બદલે મેળવો ગોલ્ડ પ્લેટેડ ૧ વર્ષની ગેરંટી સાથે નવી કાંડા ઘડિયાળ

દરેક ક્રેડિટ કાર્ડ સ્વીકાર્ય

સ્વીસ તેમજ જાપાનની કાંડા ઘડિયાળો સર્વિસ કરી આપવામાં આવશે. ઓરીજનલ બટન સેલ તેમજ લેધર બેલ્ટ મળશે.

એ-૩, ડીસ્ટ્રીક્ટ શોપીંગ સેન્ટર, બેંક ઓફ મહારાષ્ટ્રની બાજુમાં, સેક્ટર-૨૧, ગાંધીનગર.

મો. ૯૮૨૪૧ ૫૯૪૭૪, ફોન. ૨૩૨૨૫૬૭૮

સમય : સવારે ૧૦ થી ૧.૩૦ બપોરે ૩.૩૦ થી ૯.૦૦ સોમવારે રજા રહેશે.



**ગાંધીનગરના પાદરે જૂજ ઓફીસ બાકી**

SHREE Sharda Residency
Absorb...A Redefined Lifestyle



Developers
SHREE MADHAVKISHAN INFRA HOUSING PROJECTS PVT. LTD.

Site Address : Opp Vijay Appartment, Vavol, Gandhinagar
Contact : 99784 08880, 98258 05141



**ઈંટનો શ્રેષ્ઠ, સસ્તો અને મજબૂત વિકલ્પ**

ફ્લેટ, બંગલો, બાઉન્ડ્રી વોલ, ઈન્ડસ્ટ્રીયલ વોલ, સ્કૂલ, હોસ્પિટલ માટે

- ઈંટો કરતા વધારે મજબૂત અને ત્રીજા ભાગનું વજન
- ઝડપી કામ તેમજ સીમેન્ટ, રેતી, પાણી અને મજુરીમાં મોટી બચત
- ઓછી કિંમત
- દિવાલો ખૂબ જ ઓછી તપે જેથી અંદરનું વાતાવરણ ઠંડુ રહે
- ઉધઈ અને કીટક પ્રતિરોધક
- ઈલેક્ટ્રીક અને પ્લમ્બીંગ કામ માટે એકદમ સરળ
- મશીન કટ દ્વારા પરફેક્ટ સાઈઝ, એકધારી ગુણવત્તા
- ઘોંઘાટ સામે રક્ષણ (High Sound Insulation)
- દિવાલોમાંથી નિકળતા ક્ષારથી મુક્તિ

ડીલર ઈન્કવાયરી આવકાર્ય

ECO GREEN
Autoclaved Aerated Concrete Blocks
ગાંધીનગર-ચિલોડા હાઈવે, આર્મી કેમ્પ સામે, તા. જી. ગાંધીનગર | ફોન : ૭૩૫૯૪૮૮૮૨૦
sales@ecogreenproducts.in | www.ecogreenproducts.in


Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@yahoo.com